સશિ૫/ફેબ્રુ૦૩/૩૦૫

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# સત્સંગ પ્રાજ્ઞ : પ્રથમ ખંડ

## પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ]　　રવિવાર, ૧૬ ફેબ્રુઆરી, ૨૦૦૩　　કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર.૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૧

૧. કીડિયારાના રોગનું દૃષ્ટાંત તથા તેનો સિદ્ધાંત.
૨. અણીવાળું બાણ અને વિષયવૃત્તિમાં પ્રવેશ - સા.૭ ના આધારે.
૩. કુશાગ્ર બુદ્ધિ અને સ્થૂળ બુદ્ધિની સમજ : ગ.પ્ર. ૫૦ના આધારે.
૪. કેવા હરિભક્ત ઉપર શ્રીજીમહારાજને વગર ગુણ હેત થાય છે.
૫. અક્ષરમુક્તની પંક્તિમાં ભળવાનો નિશ્ચય : ગ.પ્ર. ૨૧

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. જેને ભગવાનને વિષે ........................ હુકમ નથી.
૨. જેને સત્સંગ થયો છે .......................... આળસે કરીને રહે છે.
૩. જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય ........................... અતિ મોટા જાણવા.
૪. પરમેશ્વરની વાતમાં .......................... ગુણ આવે છે.
૫. ભગવાન જીવના .......................... વાર્તા કરવી.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાસક્રમના 'વચનામૃત'નો ક્રમાંક નોંધી બે અવતરણો લખો :** ૪

૧. પંચવર્તમાન　　૨. નિર્દોષબુદ્ધિ

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર.૨. (અ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૫

૧. 'તમારે તો પૃથ્વીનું વેજું છે' - એટલે શું ?
૨. લાલવડ નીચે શ્રીહરિએ પોતાનો મહિમા કહી શું કરાવ્યું ?





૩. કયાં વચનામૃતો સ્વામીએ ફરી વંચાવ્યાં ?
૪. મુક્તાનંદ સ્વામીના કાંડામાં આવેલા બળનું કારણ કયું ?
૫. મહારાજે કયા સંતોને પરસ્પર સમાગમ કરવા આદેશ આપ્યો ?

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધી ખાલી જગા પૂરો.** ૫

૧. કલ્યાણ પણ ........................... પ્રકારના છે.　(લાખ, ઘણા, અનંત)
૨. ........................... તો બહુ કઠણ છે.
(મન જીતવું, મોટા સાધુનો અભિપ્રાય જાણવો, આત્મનિષ્ઠા રાખવી)
૩. જેને જેટલું ભૂંડું ..................... છે, તેને તેટલું અજ્ઞાન છે.
(શ્રવણ, ચિંતવન, આચરણ)
૪. પુરુષોત્તમ પધરાવવા હોય તો ........................... થવું પડે.
(બ્રહ્મરૂપ, સાચા સંત, ખરેખરા સત્સંગી)
૫. આ જ તો સર્વે અંગે સાનુકૂળ છે, માટે ........................... લેવા પણ આળસુ થાવું નહીં.　(પ્રભુ ભજી, સૌને રાજી કરી, વ્યવહાર કરી)

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો** ૧૦

૧. 'બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા' શ્લોકનો હાર્દ સમજાવો.
૨. એક સાધુ વાંસે લાખ મનુષ્ય ફરે ત્યારે સત્સંગ થયો કહેવાય.
૩. આજ્ઞાથી થતી પ્રવૃત્તિની ક્રિયાના ત્રણ પ્રકાર.

**('બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવન ચરિત્રના આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. ત્રણ વરિષ્ઠ સંતોના યોગમાં ભગતજી.
૨. ભગતજીનું દિવ્ય વ્યક્તિત્વ.
૩. ભગતજી મહારાજના હરિભક્તો.

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર નોંધ લખો.** ૨૦

૧. મહુવામાં દુર્ગાશંકરે કરેલું ભગતજીનું અપમાન અને ફળ.
૨. વાઘાખાચર અને ભગતજી.
૩. જાગા ભગત અને ભગતજી મહારાજ.
૪. મહુવામાં આચાર્ય મહારાજની પધરામણી.